# ચમત્કારી પયગંબર એલિશા

## (ફાધર વર્ગીસ પોલ)

ઈસાયલના મહાન ધાર્મિક વડાઓમાં પયયંગબર એલિશાની ગણના થાય છે. એ મહાન પયગંબર અને શિરછત્ર ગુરુ એલિશાનો શિષ્ય છે પયગંબર એલિશા. એલિયા ઈશ્વર પ્રભુના એકેશ્વરવાદને ખૂબ સાદાઈ અને સચ્ચાઈથી પ્રોત્સાહિત કરતા હતા. પરંતુ એલિશામાં એવી કોઈ સાદાઈ અને સચ્ચાઈ નથી. એલિશા તો પોતાના ચમત્કારો અને રાજકીય નિપુમતા તથા કુનેહટ માટે વધુ જાણીતા છે.

ઈશ્વર પ્રભુના આદેશ મુજબ એલિયાએ આબેલ-મહોલાના શાફાટના દીકરા એલાશીનો પોતાના અનુગામી પયગંબર તરીકે અભિષેક કર્યો હતો. એલિયાએ શાફાટના દીકરા એલિશઆને ખેડ કરતો જોયો. એલિયાએ ત્યાંથી પસાર થતાં પોતાનો ઝભ્ભો તેના ઉપર નાખ્યો. એટલે એલિશાએ એલિયાની પાછળ જઈને તેનું શિષ્યત્વ સ્વીકાર્યું. એલિશાના સમયમાં ઈસાયલની ગાદીએ બેસીને અહઝિયા, જેરામ, જેહૂ, જોઆઝ અને જોઆસ જેવા રાજાઓએ રાજ્ય કર્યું.

પોતાના શિષ્ય એલિશા સાથે થોડાં વર્ષ ગાળ્યાં બાદ એલિયાને લાગ્યું કે દુનિયામાંથી વિદાય લેવાનો પોતાનો સમય આવી રહ્યો છે. એ અરસામાં એલિયા અને એલિશા ગિલગાલથી નીકળ્યા. એલિયાએ એલિશાને કહ્યું, “તું અહીંયા રહે, કારણ, પ્રભુ તો મને બેથેલ મોકલે છે.” પણ એલિશાએ કહ્યું, “પ્રભુના અને તમારા કસમ, હું તમને છોડીને જવાનો નથી.” આથી તેઓ બન્ને બેથેલ ગયા.

બેથેલમાં રહેતા નબીઓનો સંઘ એલિશાને મળવા આવ્યો અને તેમણે તેને કહ્યું, “તમને ખબર છે કે પ્રભુ આજે તમારા શિરછત્ર ગુરુને લઈ લેવાનો છે?” એલિશાએ કહ્યું, “મને ખબર છે. હવે કશું બોલશો નહિ.”

પછી એલિયાએ કહ્યું, “એલિશા, તું અહીંયા રહી જા, પ્રભુ તો મને યરીખો મોકલે છે.” પણ એલિશાએ જવાબ આપ્યો. “પ્રભુના અને તમારા કસમ, હું તમને છોડીને જવાનો નથી.” અને તેઓ યરીખો ગયા.

યરીખોથી એલિયા યર્દન ગયા. એલિશા પણ એલિયાને છોડયા વિના યર્દન ગયા. જબીઓના સંઘના પચાસ જણ પણ તેમની પાછળ પાછળ ગયા. યર્દનમાં એલિયાએ પોતાના ઝભ્ભાનો વીંટો વાળી તેના વડે પાણી ઉપર ઘા કર્યો અને પાણી જમણી અને ડાબી બાજુ વહેંચાઈ ગયું અને તે બંને જણ કોરે પગે નદી ઓળંગી ગયા.

યર્દનના સામે પાર પહોંચ્યા પછી એલિયાએ એલિશાને કહ્યું, “મને તારી પાસેથી લઈ લેવામાં આવે તે પહેલાં હું તારે માટે શું કરું ? તારી શી ઈચ્છા છે ?” એલિશાએ કહ્યું, “મને તમારી શક્તિમાંથી બમણો હિસ્સો વારસામાં આપો.”

તેઓ વાત કરતા કરતા આગળ જતા હતા એવામાં એકોક તેમની બે જણની વચ્ચે અગ્નિમય રથે અને અગ્નિમય ઘોડાઓએ દેખા દીધી અને એલિયા વંટોળિયા ભેગો આકાશમાં ચાલ્યો ગયો.

એલિયાનો ઝભ્ભો પડી ગયો હતો તે તેણે ઉપાડી લીધો અને પછી યર્દનને કિનારે જઈ ઊભો રહ્યો. પછી યર્દનને કિનારે જઈને ઊભો રહ્યો. પછી એલિશાએ એલિયાની માફક પાણી ઉપર ઘા કર્યો અને કોરે પગે તે નદી ઓળંગી ગયો. યરીખોના નબીઓના સંઘે તેને દૂરથી જોયો અને કહ્યું, "એલિયાની શક્તિ એલિશા ઉપર ઊતરી છે." તેઓ તેને મળવા આવ્યા અને ભોંય પર લાંબા થઈ પ્રણામ કર્યા. આ રીતે એલિયાના ઉત્તરાધિકારી તરીકે યરીખોના નબીઓના સંઘે એલિશાને અપનાવી લીધો.

યરીખોના લોકોએ એલિશાને ફરિયાદ કરી કે શહેરનું પાણી સારું નથી અને દેશમાં અનેક સ્ત્રીઓને કસુવાવડ થાય છે. એલિશાએ લોકો પાસે નવા વાટમાંક થોડું મીઠું માગ્યું અને ઝરણા પાસે જઈને પાણીમાં મીઠું નાકાં એલિશાએ કહ્યું, "આ પ્રભુનાં વચન છેઃ" "હું આ પાણીને શુદ્ધ કરું છું. હવે પછી એનાથી કોઈને મોત કે કસુવાવડ નહીં થાય." યર્દનના ખીણ પ્રદેશના શુદ્ધ પાણીને આજે પણ લોકો પૂર્વજોનું ચમત્કારિક પાણી માને છે.

એલિશાને આપણે ઘણી વાર નબીઓના સંઘમાં રહેતા જોઈએ છીએ. એલિશાના સમયમાં નબીઓનો સંઘ વિજન પ્રદેશમાં રહેતો અને ખૂબ ગરીબીમાંથી જીવન ગાળતો. એક દિવસ એલિશાએ પોતાના નોકરને કહ્યું, "પેલો મોટો ચરુ ચૂલે ચઢાવ અને સંઘ માટે સેરવો બનાવ." એક જણ ખેતમાં ઔષધિઓ ભેગી કરવા ગયો ત્યાં તેણે એક જંગલી વેલો જોયો, તેની ઉપરથી તેણે ખોળો ભરીને ઝેરી તૂમડાં ભેગાં કર્યા પછી. પાછા આવીને તેણે એ શું છે એ જાણ્યા લગર જ તૂમડાં કાપીને સેરવામાં નાખ્યાં. પછી તેમણે સેરવો ખાવા માટે પીરસી દીધો, પણ તે ચાખતાંવેંત જ તેઓ બોલી ઊઠયા, "ગુરુજી, આ ચરુમાં તો મોત ભર્યું છે !" કોઈ ખાઈ ન શક્યું.

ત્યારે એલિશાએ કહ્યું, "તો થોડો લોટ લાવો." એ લોટ તેણે ચરુમાં નાખ્યો અને કહ્યું, "હવે માણસોને પીરસી દો." અને આ વખતે ચરુમાં કંઈ વાંધો નહોતો.

એક દિવસ એક માણસ નવા ઉતારેલા પાકમાંથી જવાના વીસ રોટલા અને તાજા ભરેલાં દાણાવાળાં કણસલાં એલિશા માટે લઈને આવ્યો. એલિશાએ કહ્યું, "આ લોકોને ખાવા આપી દો." પણ તેના નોકરે કહ્યું, "સો માણસોને હું આ શી રીતે પીરસું?" છતાં એલિશાએ કહ્યું, "તું તારે લોકોને પીરસી દે. આ પ્રભુનાં વચન છે. એ લોકો ખાઈ રહેશે અને વધશે પણ ખરું, તેણે લોકોને પીરસી દીધું અને તેઓ ખાઈ રહ્યા અને તેના કહેવા મુજબ વધ્યું પણ ખરું."

એક દિવસ એક વિધવાએ આવીને એલિશાને ફરિયાદ કરી, "મરો ધણી મરી ગયો છે, હવે એક લેણદાર મારા બે દીકરાઓને લઈ જઈ ગુલામ બનાવવા માગે છે."

એલિશાએ એ વિધવા પાસેથી જાણ્યું કે એની પાસે એને ઘેર ફક્ત એક કુપ્પી તેલ સિવાય કશુંય નથી. એલિશાએ એ વિધવાને કહ્યું, “તો બહાર જઈને તારા બધા આડોશીઓ-પડોશીઓ પાસેથી જેટલી બને એટલી ખાલી બરણીઓ લઈ આવ. પછી પાછી આવીને તું તારા છોકરાઓ સાથે અંદર જઈને બારણાં વાસી દેજે. પછી એ બરણીઓમાં કુપીમાંથી તેલ રેડવા માંડજે અને જેમ જેમ ભરાઈ જાય તેમ તેમ બરણીઓ બાજુએ મૂકતી જજે.”

તેણે ત્યાંથી જઈને છોકરાઓ સાથે ઘરમાં જઈ બારણાં વાસી દીધાં. છોકરાઓ જેમ જેમ બરણીઓ તેને આપતા ગયા તેમ તેમ તેમાં તેલ રેડતી ગઈ. જ્યારે બધી બરણીઓ ભરાઈ ગઈ ત્યારે તેણે એક છોકરાને કહ્યું, “મને બીજી બરણી આપ.”

તેણે કહ્યું, “હવે બરણી રહી જ નથી.”

ત્યારે કુપ્પીમાંથી તેલ નીકળતું બંધ થઈ ગયું. પછી તેણે બહાર આવીને પેલા ભગવાનના માણસને વાત કરી. તેણે કહ્યું, “જા અને તેલ વેચીને તારું બધું દેવું ચૂકવી દે. જે બાકી રહેશે તેના ઉપર તારો અને તારાં બાળકોનો ગુજારો ચાલી રહેશે.”

એલિશાએ અરામના રાજાની સેનાના સેનાપતિ નામાનને તે કોઢથી સંપૂર્ણપણે અજાયબ રીતે સાજોસમો કર્યો હતો. એ પ્રસંગ જૂના કરારના રાજાના બીજા ગ્રંથમાંના આખા પાંચમા અધ્યાયમાં વર્ણવેલો એલિશાનો એક ખૂબ જાણીતો ચમત્કાર છે. સેનાપતિ નામાનની વાતમાં  ચમત્કારની સવિસ્તર ચર્ચા થયેલી હોવાથી અહીં તેનો ઉલ્લેખમાત્ર કરું છું.

એક દિવસ નબીઓના સંઘે એલિશાને કહ્યું, “અમે તમારી જોડે જે જગ્યાએ રહીએ છીએ તે બહુ સાંકડી છે. માટે અમે યર્દન જઈએ અને દરેક જણ એક એક મોટું લાકડું લઈ આવીએ અને રહેવા માટે વાસ બાંધીએ.”

એલિશાએ કહ્યું, “જાઓ.”

ત્યારે એક જણ બોલ્યો, “આપ પણ આ સેવકો સાથે આવવાની કૃપા કરો.”

એલિશાએ કહ્યું, “સારું, હું આવીશ.” અને તે તેમની સાથે ગયો.

યર્દન પહોંચીને તેમણે લાકડાં કાપવા માંડયા. પણ થયું એવું કે એક જણ લાકડું કાપતો હતો, એવામાં તેનો કુહાડો ઊડીને પાણીમાં જઈ પડયો. તે બોલી ઊઠયો, “ઓ ગુરુજી, એ કુહાડો તો કોઈનો માગી આણેલો હતો!”

એલિશાએ પૂછયું, “ક્યાં પડયો?” એટલે પેલાએ જગ્યા બતાવી. પછી એલિશાએ એક લાકડી કાપીને તે જગ્યાએ નાખી અને લોખંડના કુહાડાને તરતો કર્યો. પછી તેણે કહ્, “ઉપાડી લે.” અને પેલા માણસે હાથ લંબાવીને તે ઉપાડી લીધો.

અરામનો રાજા ઈસાયલ સામે યુદ્ધે ચડયો હતો. એલિશાએ ઈસાયલના રાજાને સંદેશો મોકલી ચેતવ્યો કે, “અમુક જગ્યાએ સાવધ રહેજો, કારણ, અરામીઓ ત્યાં હુમલો કરનાર છે.” એલિશાની આ રીતની ચેતવણીથી દેરક વખતના હુમલામાં અરામના રાજાને હાર મળી. પોતાની હારનું કારણ ઈસાયલના નબી એલિશા છે એમ જાણીને અરામના રાજાએ એલિશાને પકડી લાવવા એક મોટી ટુકડીને રથો અને ઘોડાઓ સાથે એલિશા જ્યાં રહેતો હતો તે શહેરમાં મોકલી દીધી તેમણે રાતે પહોંચી જઈ શહેરને ઘેરી લીધું.

બીજા દિવસે સવારે એલિશાને ઘેરાની ખબર પડી ત્યારે અલિશાએ પ્રભુને પ્રાર્થના કરીને દુશ્મનોને આંધળા બનાવ્યા અને એમને સાચો રસ્તો બતાવવાના બહાને તેમને શમરૂનમાં ઈસાયલા રાજા પાસે લઈ ગયા. રાજા તેમનો વધ કરવા માગતા હતા. પરંતુ એલિશાએ તેમને રોક્યા અને એમના ખાવાપીવાનું આપીને સહીસલામત તેમને તેમના પોતાના માલિક પાસે મોકલી દીધા. ત્યાર પછી અરામી ઘોડેસવાર ટોળીઓએ કદી ઈસાયલ ઉપર હુમલો ન કર્યો.

પયગંબર એલિયાએ એલિશાનો શિષ્ય તરીકે અભિષેક કર્યાના પચાસ વર્ષ પછી મોટી ઉંમરે એલિશા જીવલેણ માંદગીમાં મરણ પામ્યો અને તેને દફનાવવામાં આવ્યો.

એલિશા વિશે નવા કરારમાં એક ઉલ્લેખ મળે છે કે, “પયગંબર એલિશાના વખતમાં ઈસાયલમાં કોઢિયા તો પુષ્કળ હતા, છતાં સિરિયાના નામાન સિવાય બીજા કોઈને સાજો કરવામાં આવ્યો નહોતો.”

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-04-2007)

(ફરી બદલ્યાની તારીખઃ 01-05-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007